**<u>( સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો )</u>**

**અમદાવાદના મહે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ નં.૭, સમક્ષ**

આંક :–

(અ). કેસનો અનુક્રમ નંબર :–

(બ). ગુન્હો બન્યાની તારીખ :–

(ક). ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ). આરોપીઓના નામ અને સરનામું. :–

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો પરત. :– ધી પ્રોહી.એકટ કલમ –૬૬(૧)(બી),૮૫ મુજબ.

(ફ). આરોપીનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ– મને ગુનો કબુલ છે.

...........................................

મારી રૂબરૂ,

તા. / /૨૦૧૮.

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭,અમદાવાદ.

(૧). આ કામમા પોલીસ દ્વારા આરોપી વિરુધ્ધ ધી પ્રોહી.એકટ કલમ :૬૬(૧)(બી) ૮૫ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી આજરોજ હાજર થઈ, સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી પ્રોહી.એકટ કલમઃ૬૬(૧)(બી), ૮૫ ના ગુના માટે પ્લી/ નિવેદન લેતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપી તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે, એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈશકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં, તેમજ સદરહુ કેસ તા.૧૯/૧૨/૨૦૧૬ ના નોટીફીકેશન બાદનો છે. પરંતુ, આરોપીનો પ્રથમ ગુનો છે, આરોપીની રજુઆત ધ્યાને લઈ આરોપીને હળવી દંડ રુપી સજા કરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

આરોપીને ધી પ્રોહી.એકટ કલમ :૬૬(૧)બી, ૮૫ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની કેદની તથા એકત્રીતપણે રૂા.૧,૦૦૦/– એક હજાર પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને દિવસ–૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

(એ.આર. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૦૭૧૦.

તા. / //૨૦૧૮.